Thursday
04.05.2023
*Volume :7 * Issue No.275
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### મહાત્મા મંદિર, ગાંધીનગરઃ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર્સને નિમણુક પત્ર એનાયત કાર્યક્રમ

# કર્મયોગીથી આગળ વધી સેવાયોગી બનવાનો અભિગમ દાખવીને નાગરિકોની સેવામાં સંકલ્પબદ્ધ બનીએ : નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

## નાગરિકોનું આરોગ્ય રાજ્યના વિકાસનો મુખ્ય પાયો, જેને મજબૂત કરવામાં આરોગ્યકર્મીઓનું યોગદાન મહત્વપૂર્ણ : શ્રી ઋષિકેશભાઇ પટેલ







## આગામી ૨ વર્ષમાં સીધી ભરતીથી પંચાયત વિભાગ દ્વારા કુલ ૧૦ હજાર કર્મયોગીઓની ભરતી કરાશેઃ પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ

કમલમ્ ન્યુઝ,

નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ જણાવ્યું છે કે, રાજ્યના યુવાનોને સરકારી સેવાનો લાભ મળે તે માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે. રાજ્ય સરકારે સંપૂર્ણ પારદર્શિતાથી ભરતી થાય તે માટે વાર્ષિક ભરતી કેલેન્ડર બનાવીને ભરતી પ્રક્રિયા હાથ ધરી છે, જેના પરિણામે અનેક યુવાનો આજે સરકારી સેવામાં જોડાયા છે. આજે ગાંધીનગર ખાતે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતીથી નિમણૂક પામેલા ૧૭૬૦ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર્સને નિમણુક પત્રો આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને પંચાયત રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં એનાયત કરાયા હતા. નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ નવનિયુકત ઉમેદવારોને શુભેચ્છાઓ પાઠવીને કર્મયોગીથી આગળ વધી સેવાયોગીના ભાવ સાથે નાગરિકોની સેવામાં સંકલ્પબદ્ધ બનવા અનુરોધ કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ ભારત દેશ વિશ્વના મોખરા સ્થાને જઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકારે પણ આજ સુધીનું સૌથી મોટું ૩ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ રજુ કરીને ગુજરાતની વિકાસ યાત્રાને આગળ વધારવાની નેમ વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે પંચાયતમાં ૧૫ હજાર કર્મીઓની ભરતીનું લક્ષ્યાંક નક્કી કર્યું હતું જેના ભાગરૂપે તબક્કાવાર ભરતીઓ થઈ રહી છે, અને આગળ પણ અનેક ભરતીઓ થકી દરેક વિભાગની ખાલી જગ્યાઓ ટૂંક સમયમાં ભરવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે. મંત્રી શ્રી દેસાઈએ કોરોના મહામારી દરમિયાન રાજ્યના અરોગ્યકર્મીઓએ નિસ્વાર્થભાવે કરેલી સેવાને બિરદાવતા ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટીવંત નેતૃત્વ તથા ડોક્ટર્સ અને હેલ્થ વર્કર્સની અવિરત સેવાઓના પરિણામે ભારત દેશ કોરોના જેવી ભયાનક મહામારી સામે ટક્કર ઝીલી શક્યો આ સમયગાળામાં રાજ્યના આરોગ્યકર્મીઓની ભૂમિકા ખૂબ જ સરાહનીય રહી હતી. નવનિયુક્ત ઉમેદવારોને સેવાનો અભિગમ દાખવી આંસુ ચિંતા અને સંવેદનાને સમજીને સેવા કરશે ત્યારે સેવા પરમોધર્મનો મંત્ર સાચા અર્થમાં ચરિતાર્થ થશે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે પસંદગી પામેલા ઉમેદવારોને આરોગ્ય સેવા પરિવારમાં આવકારતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારમાં જોડાઈ રહેલા મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર ગુજરાતના ગામડામાં વસતા સામાન્ય નાગરીકો સુધી આરોગ્ય કલ્યાણકારી યોજનાઓના લાભ પહોંચાડવાના મુખ્ય વાહક બનશે. નાગરિકોનું આરોગ્ય એ રાજ્યના વિકાસનો મુખ્ય પાયો છે. આ પાયાને મજબૂત કરવામાં આરોગ્યકર્મીઓનું યોગદાન ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. ગરીબ અને સામાન્ય નાગરીકો સુધી જરૂરિયાતની તમામ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવાનો રાજ્ય સરકારે કરેલો નિર્ધાર નવનિયુક્તિ પામેલા મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર નિષ્ઠાપૂર્વક કામ કરી પરિપૂર્ણ કરશે, તેવો મંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પંચાયત રાજ્ય મંત્રીશ્રી બચુભાઈ ખાબડે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સંદેશ આપતા જણાવ્યું હતું કે સફળતા સરળતાથી નથી મળતી પરંતુ સતત મહેનત કરવાથી ચોક્કસ પ્રાપ્ત થાય છે. આવી જ સતત અને અથાગ મહેનતનું આજે પરિણામ આપ સૌને મળ્યું છે.

આ નવી યુવાશક્તિને નવા જોમ અને જુસ્સા સાથે નિષ્ઠાથી કામ કરવા તેમણે અનુરોધ કર્યો હતો. મંત્રી શ્રીએ પંચાયતી રાજનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, ૧૯૯૨માં પંચાયતી રાજનો કાયદો પસાર થયા બાદ સમગ્ર દેશમાં પંચાયતી રાજની શરૂઆત થઈ હતી. પંચાયતી રાજ એક એવું માધ્યમ છે, જેના દ્વારા સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જન જન સુધી પહોંચી છે. અનેક પ્રજાલક્ષી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં તમારા જેવા કર્મયોગીઓનો સાથ ખુબ જ જરૂરી છે. મંત્રી શ્રી ખાબડે ઉમેર્યું હતું કે, નોકરીની રાહ જોતા ઉમેદવારોને નોકરી આપવા રાજ્ય સરકાર હરહંમેશ કટીબદ્ધ છે. આજ ધ્યેયને ધ્યાનમાં રાખી આગામી ૨ વર્ષમાં સીધી ભરતીથી પંચાયત વિભાગ દ્વારા કુલ ૧૦ હજાર કર્મયોગીઓની ભરતી કરવામાં આવશે. ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ દ્વારા ૧૭૬૦ મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર્સની ભરતી ખુબ જ પારદર્શક રીતે કરવામાં આવી છે.

આ ભરતીની સંપુર્ણ કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરીને નિમણુંક પત્ર આપવામાં આવી રહ્યા છે. આ પ્રસંગે પંચાયત અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસે સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે વિકાસ કમિશ્નર શ્રી સંદિપ કુમારે આભારવિધી કરી હતી, આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલ, આરોગ્ય કમિશનર શ્રી શાહમીના હુસૈન, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુ.શ્રી સુરભી ગૌતમ સહિત આરોગ્ય અને પંચાયત વિભાગના અધિકારીશ્રીઓ અને પસંદગી પામેલા ઉમેદવારો તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અડાલજ પોલીસ સ્ટેશન ખાતે નિશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો

## ડાયાબીટીશ તથા બ્લડ પ્રેશરના ૭૭, દંત સર્જનના ૪૯, ફિઝિયોથેરાપીના ૪૫ અને ઓપ્ટોમેટ્રીસના ૫૬ વ્યક્તિઓની તપાસ કરાઇ






કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજ દ્વારા અડાલજ પોલીસ સ્ટેશન ખાતે નિશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં એન.સી.ડી સેલ વિભાગ,દંત સર્જન વિભાગ,આંખ વિભાગ, ફિઝયોથેરાપી વિભાગ તેમજ આઈ.સી.ટી.સી વિભાગ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. ૨૬૯ વ્યક્તિઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજ દ્વારા અડાલજ પોલીસ સ્ટેશન ખાતે આયોજન કરવામાં આવેલા કેમ્પમાં એન.સી.ડી. સેલ અડાલજ ની ટીમ દ્વારા ૭૭ જેટલા લાભાર્થીઓનાં ડાયાબીટીશ તથા બ્લડ પ્રેશરનું નિશુઃલ્ક ચેકઅપ કરવામાં આવ્યું હતું. અને તેમના હાઈટ, વેઈટ તેમજ બીએમઆઈ કરવામાં આવ્યા હતા. લાભાર્થીઓને બિનચેપી રોગોને લગતી માહિતી આપવામાં આવી હતી.દંત સર્જન દ્વારા ૪૯ લાભાર્થીઓની મોં ની તપાસ કરવામાં આવી હતી. યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ફિજિયોથેરાપી ડોકટર દ્વારા ૪૫ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. ઓપ્ટોમેટ્રીસ દ્વારા ૫૬ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. આઈ.સી.ટી.સી. વિભાગ દ્વારા એચ.આઇ.વી - એઈડ્સ તથા જાતીય રોગો, ટી.બી. ની જાણકારી તથા ૪૨ લાભાર્થીઓની તપાસ પણ કરવામાં આવી હતી.૧૮ લાભાર્થીઓના ABHA કાર્ડ જનરેટ કરવામાં આવ્યા હતા. આ નિશુલ્ક કેમ્પમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજના અધિક્ષક શ્રી ડૉ. વિપુલ એન સોનેરી, અડાલજ પોલીસ ઈન્સ્પેકટર શ્રી મુછાર, અડાલજ ગામના સરપંચ શ્રી પ્રજ્ઞેશ ભાઈ પટેલ તથા અડાલજ ગામ ના અન્ય આગેવાનોએ હાજર રહી દીપ પ્રાગટય કર ને મેડીકલ કેમ્પ ની શરુઆત કરાવી હતી. આ કેમ્પ માં એન.સી.ડી સેલ વિભાગ ,દંત સર્જન વિભાગ , આંખ વિભાગ, ફિઝયોથેરાપી વિભાગ તેમજ આઈ.સી.ટી.સી વિભાગ દ્વારા સેવાઓ આપવામાં આવેલ હતી તેમજ જરૂરી દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ હતું .

## તંત્રી સ્થાનેથી......

આયુર્વેદના આચાર્ય ચરક પોતાના મહાનગ્રંથ ચરકસંહિતામાં લખ્યું છેકે 'ક્ષિર જીવનીયાનામ' એટલે કે શરીરમાં જીવનીય શક્તિ વધારનારા જેટલા પણ આહારદ્રવ્યો છે એ બધામાં દૂધ સર્વોત્તમ છે. ભારતીય આયુર્વેદ વિજ્ઞાનના જાણકારોએ પ્રાચીન કાળથી જ ઔષધ અને ખાદ્યની દ્રષ્ટિએ દૂધની મહત્તાને ઓળખી છે. ગુજરાતના પૂર્વ પટ્ટીના ૧૪ જિલ્લામાં વસતા આદિજાતી બાંધવોના બાળકો કુપોષણનો શિકાર નબને અને તેમના શારીરિક વિકાસમાં વૃદ્ધિ થાય તે માટે નાની વયે પોષણક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો વિટામીન, પ્રોટીન, કેલ્શિયમ અને ક્ષાર તત્વોની ખામી દુર કરી શકાય, બાળકોનો શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ થાય અને તેઓના આરોગ્યમાં સુધારો થાય તે હેતુસર તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન બંધુ કલ્યાણ યોજનાના ભાગરૂપે દૂધ સંજીવની યોજના અમલમાં મૂકી હતી. દૂધ સંજીવની યોજનામાં ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓની શારીરિક તંદુરસ્તી, પોષણક્ષમતા વિકસાવી તેમના આરોગ્યની કાળજી લેવામાં આવે છે. આ યોજના હેઠળ બાળક દીઠ ૨૦૦ મિલી. ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અઠવાડિયાના ૫ દિવસ અને વર્ષના ૧૦ માસ એટલે કે વાર્ષિક ૨૦૦ દિવસ સુધી દૂધ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત નવસારી જિલ્લાના આદિજાતી વિસ્તારોની સંપૂર્ણ કાયાપલટ થઈ રહી છે. નવસારી જિલ્લાના આદિજાતી બાળકોના શિક્ષણની સાથે શારીરિક/ માનસિક વિકાસ થાય તેના આરોગ્યમાં સુધારો થાય તે માટે દૂધ સંજીવની યોજના હેઠળ ૬ માસથી ૬ વર્ષના કુલ ૧૪૫૪૪ બાળકો અઠવાડીયામાં પાંચ દિવસ ૨૦૦ મિલી ફ્લેવર્ડ સ્વાદિષ્ટ દૂધનો નિયમિત લાભ લઈ રહ્યા છે. જ્યારે નવસારી જિલ્લાના આદિજાતી વિસ્તારની આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત ૩૧૪૫૬ લાભાર્થીઓને દૂધ સંજીવની યોજના મારફતે ૩૩૫૫૭૨ દૂધસંજીવનીના પાઉચ પ્રતિ માસ આપવામાં આવી રહ્યા છે. નવસારીની ચીખલી તાલુકાના પ્રતાપનગર આંગણવાડીમાં આવતી આરોહી પટેલનું કહેવું છેકે "મને દૂધ બહુ ભાવે છે ... મને રોજ આંગણવાડીમાં રમવાની સાથે ટેસ્ટી દૂધ પીવાની ખૂબ મજા આવે છે". નવસારીના આદિજાતી વિસ્તારમાં અનેક ભૂલકાઓના મોઢે આવી ખુશી જોવા મળે છે. આંગણવાડીમાં આવતા ભૂલકાઓ દ્વારા બોલાયેલા આ શબ્દો સરકારની સંવેદનશીલતા, પારદર્શિતા અને આયોજનબદ્ધ રીતે અમલી બનાવાયેલી દૂધસંજીવની યોજનાની સફળતાની સાબિતી છે. દૂધ એ સંપૂર્ણ આહાર ગણાય છે અને નાના ભૂલકાઓ માટે આગ્રહ રખાય છે ત્યારે ગુજરાતમાં આદિજાતી બાળકોના સર્વાંગી વિકાસ માટે છેલ્લા બે દાયકાના અવિરત પ્રયાસથી દૂધ સંજીવની યોજના આદિજાતી ભૂલકાઓ માટે વરદાન સાબિત થઈ છે.

• દૂધસંજીવની યોજનાનો અમલ થવાથી શાળાના બાળકોના સ્વાસ્થ્ય ઉપરની અસરોનો આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, અમદાવાદ દ્વારા અભ્યાસ કરાવવામાં આવતા તેના અનેક ફાયદા જોવા મળ્યા છે .

૧. શાળાઓમાં બાળકોના ડ્રોપ આઉટ દરમાં ઘટાડો જોવા મળ્યો છે
૨. અધવચ્ચેથી શાળા છોડી જતા બાળકોનું પ્રમાણ ઘટ્યું છે
૩. બાળકોની હાજરીમાં નિયમિતતા વધી છે
૪. બાળકોના સ્વાસ્થ્ય અને આરોગ્યમાં સુધારો જોવા મળ્યો છે
૫. બાળકોની દ્રષ્ટિમાં ઘણો સુધારો જોવા મળ્યો છે

## કલેકટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને વર્ષાઋતુ ૨૦૨૩ના આગોતરા આયોજન અંગે બેઠક યોજાઈ



કમલમ્ ન્યુઝ,ભુજ,

કલેકટર કચેરી ભુજ ખાતે કલેકટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને વર્ષાઋતુ ૨૦૨૩ના આગોતરા આયોજન અંગે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ ૩૩ મુદાઓ પર પ્રાંત અધિકારી સર્વશ્રી, મામલતદાર સર્વશ્રી, તાલુકા વિકાસ અધિકારી સર્વશ્રી, નગરપાલિકાઓના તમામ ચીફ ઓફિસરશ્રીઓ, લાયઝન અધિકારી અને સંબંધિત અધિકારીઓને પૂર્વ તૈયારી, આયોજન અને વ્યવસ્થા કરવા અંગે સુચના સાથે પૂર્વ તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી. ચોમાસામાં સંદેશાવ્યવહારમાટેબીએસએનએલ અને સબંધિતોને તમામ સરકારી કચેરીઓ અને કન્ટ્રોલરૂમના લેન્ડલાઈન ફોન, વાયરલેસ સિસ્ટમ, ફેકસ મશીન ચાલુ રહે તેવી સુચના અપાઈ હતી. બચાવ સાધનોની વર્કીંગ કન્ડીશન ચેક કરવા તેમજ ડિઝાસ્ટર વિભાગને તમામ વિભાગ પાસેના બચાવના સાધનોનીયાદીબનાવવાકલેકટરશ્રીએ જણાવ્યું હતું. કંટ્રોલરૂમ કાર્યરત કરવા, નીચાણવાળા વિસ્તારોનો સર્વે કરીને પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા, અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોની બચાવ કામગીરીની પૂર્વે તૈયારી, પુરરાહત બાબતના કન્ટ્રોલરૂમ, કાયદો વ્યવસ્થા, જિલ્લાના ડેમોની, નદીઓ કેનાલની સફાઈ, સ્થળાંતર માટેની તૈયારી, વરસાદી સ્થિતિમાં પીવાના પાણીની વ્યવસ્થા, કેનાલ પાઈપલાઈન, જર્જરીતરોડ રસ્તાઓ અને મકાનો બિલ્ડીંગની ચકાસણી અને મરંમત કરવા, પાણી નિકાલ વ્યવસ્થા સબંધિતોને કરવા, નડતરરૂપ વૃક્ષો કાપવા, ઘાસ સાચવણી, રોગચાળો ન ફેલાય તેની તકેદારી બાબત, દરિયો તોફાની બને તેવા સંજોગોમાં કરવાની વ્યવસ્થા, વાહન વ્યવસ્થા જળવાય તે માટે આયોજન, પશુઓમાં રોગચાળા ના ફેલાય, આંગણવાડીમાં બાળકો સંદર્ભેની તકેદારી અંગે, નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીએ વરસાદી નહેરો, ગટરો, પાણીના ટેક્રરોની વ્યવસ્થા, પાણી નિકાલ વ્યવસ્થા વગેરે બાબતની પૂર્વ તૈયારી બાબતે ચર્ચા સાથે જરૂરી સૂચના કલેકટરશ્રી દ્વારા આપવામાં આવી હતી. જિલ્લાના નીચાણવાળા ગામ, વિસ્તારોમાં કેરોસીન, ખાદ્ય સામગ્રીનો જથ્થો અગાઉથી પહોંચાડવો, અવિરત વીજ પુરવઠો જળવાય તે અંગેની વ્યવસ્થા, જિલ્લા પંચાયતનો આપત્તિ વ્યવસ્થાપન પ્લાન તથા ગ્રામ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અદ્યતન કરવા , જિલ્લામાં આવેલી ઈન્ડસ્ટ્રીઝમાં તકેદારી બાબતે, આપત્તિ સમયે પ્રસાર પ્રસાર માધ્યમોથી લોકોને જાગૃત, સચેત રાખવા, સાવચેતીના સૂચનો વગેરે મીડીયા માધ્યમોથી પ્રસારીત કરવા, જો પુરની સ્થિતિ સર્જાય તો લોકોના સ્થળાંતરની શાળાની માહિતી, લોકોની રહેવા, જમવાની વ્યવસ્થા કરવી તેમજ અસરગ્રસ્તોને તકલીફ ના પડે તેની વ્યવસ્થા, જેસીબી, ટ્રક, સરકારી વાહનોની સ્થિતિ, કામદારોની વિગતો, ગ્રામ પંચાયત કક્ષાએ આફતની સ્થિતિ વ્યવસ્થા અંગે વરસાદ માપક યંત્રની કાર્યક્ષમતા ચકાસણી, સંબંધિત વિભાગે કંપનીઓમાં કામ કરતા કામદારોની માહિતી તથા વ્યવસ્થાપન પ્લાન તૈયાર કરવા, તમામ તાલુકા કક્ષાએ પ્રિમોન્સુન બેઠકનું આયોજન કરવા, **DDMP, TDMP, VDMP** અદ્યતન કરી **SDRN** પોર્ટલ પર અપડેટ કરવા તેમજ કોઈ ઘટના બનતા લાયઝન અધિકારીશ્રીઓએ, મામલતદાર તથા તાલુકા વિકાસઅધિકારીશ્રીઓએ પ્રથમ જાણકારી જિલ્લા કન્ટ્રોલ રૂમ નં.૦૨૮૩૨-૨૫૨૩૪૭ તથા કચ્છ ડીઝાસ્ટર મેનેજમેન્ટ વોટસએપ ગ્રુપમાં કરવા સૂચના અપાઈ હતી. આ સાથે ગ્રામ્ય કક્ષાએ આફતની પરિસ્થિતને પહોંચી વળવા તથા બચાવ કામગીરી કરી શકે તેવા સ્થાનિક વ્યક્તિઓ તથા તરવૈયાઓના નામ, સંપર્ક યાદી બનાવવા ખાસ સુચના આપવામાં આવી હતી. કલેકટરશ્રી અમિત અરોરા અને નિવાસી અધિક કલેકટરશ્રી મિતેશ પંડયાએ સબંધિત સર્વેને સૂચનો માર્ગદર્શન આપ્યું હતું તેમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે. પ્રજાપતિએ પણ માહિતી પુરી પાડી હતી. બેઠકમાં કલેકટરશ્રીએ જિલ્લામાં ખાસ જાહેર સ્થળે કે રસ્તા પર લાગેલા હોર્ડીંગસની મજબુતાઈ અંગે ચકાસણી કરવા કે જોખમી હોર્ડીંગસને ઉતારી લેવા, જિલ્લામાં પાણી પુરી પાડતી વ્યવસ્થામાં ઝીરો લીકેજ કરવા, ગેરકાયદે કનેકશન બંધ કરાવવા, ખાસ કરીને શહેર અને ગામમાં ગટર તથા પાણીના વહેણ સહિતની સફાઈ કરાવવા, નદીઓના વહેણમાં અવરોધો દુર કરવા, પાણીના વહેણ પરના દબાણો હટાવવા, શહેર કે ગામમાં વરસાદ બાદ ભરાતા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા તેમજ શહેરોમાં ખોદવામાં આવતી લાઈનોના કામોની ચકાસણી કરીને તે ચોમાસામાં જોખમી ન બને તે જોવા તાકીદ કરી હતી. ઉપરાંત ખુલ્લા વીજવાયરો દુરસ્ત કરવા તેમજ પાણીના નિકાલ માટે ખોલવામાં આવતા ગટરના ઢાંકણા ત્વરીત બંધ થાય તે દિશામાં વ્યવસ્થા ઉભી કરવા ખાસ સુચના આપી હતી. આ ઉપરાંત ફાયર ફાઈટરની ઉપલબધતા ચકાસવા, જજર્રીત મકાનો આઈડેન્ટીફાઈ કરી તેને તોડી પાડવા નોટીસ આપવા, ગ્રામ્ય વિસ્તારમાં ગામદિઠ એક અને નગરપાલિકા વિસ્તારમાં વોર્ડવાઈઝ એક વ્યકિતનો નામ અને સંપર્ક નંબર મેળવી ડિઝાસ્ટર શાખામાં મોકલવા જણાવાયું હતું. આ બેઠકમાં પશ્ચિમ કચ્છ એસ.પી સૌરભસિંઘ તથા સબંધિત સર્વે કચેરીના અધિકારીશ્રીઓ તેમજ ચોમાસા માટેના લાયઝન અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

## ડાંગ જિલ્લાના જામલાપાડા ગામે નિ:શુલ્ક આયુર્વેદિક આરોગ્ય કેમ્પ યોજાયો



કમલમ્ ન્યુઝ,આહવા

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ગાઢવી-જામલાપાડા ગામમા નિ:શુલ્ક આયુર્વેદિક આરોગ્ય કેમ્પ યોજવામા આવ્યો હતો. નિહાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કેમ્પમા સ્થાનિક વિસ્તારના ૯૦થી વધુ દર્દીઓની સારવાર કરી, તેઓને નિ:શુલ્ક દવાઓનુ વિતરણ કરવામા આવ્યુ હતુ. જામલાપાડા ખાતે યોજાયેલ આયુર્વેદિક કેમ્પમા નિહાર ચેરિટેબલ સંસ્થાના ટ્રસ્ટ્રીશ્રી ડો.મુકેશભાઈ પટેલ દ્વારા કુદરતી ઉપચારો વિશે લોકોને સમજણ આપવામા આવી હતી. સાથે જ શરીરને તંદુરસ્ત રાખવા માટેના ઉપાયો, વ્યસન મુક્તિ, યોગા તેમજ કુદરતી દવાઓની ઉપયોગીતા વિશે લોકોને જાણકારી આપવામા આવી હતી. આરોગ્ય કેમ્પમા શરદી, ખાંસી, કફ, સાંધાનો દુ:ખાવો, દાંતના દર્દીઓ, તેમજ અન્ય બીમારીઓ ધરાવતા દર્દીઓને નિ:શુલ્ક દવાઓ વિતરણ કરવામા આવી હતી. ઉલ્લેખનિય છે કે, નિહાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ પહેલા પણ ડાંગ જિલ્લાના અલગ અલગ વિસ્તારોમા નિ:શુલ્ક આયુર્વેદિક કેમ્પ યોજવામા આવ્યા હતા. અત્યાર સુધી એક હજારથી વધુ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો છે. આયુર્વેદિક કેમ્પમા ડો. પિયુષભાઈ મકવાણા, શ્રી વિપુલભાઈ ઠાકોર દ્વારા મહત્વની ભૂમિકા અદા કરવામા આવી હતી. આ પ્રંસગે સ્થાનિક આગેવાન આદિવાસી સેવા ટ્રસ્ટ જામલાપાડાના સભ્ય શ્રી અમર ગાવિત, શ્રી અશ્વિનભાઈ તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## આહવાના ચિલ્ડ્રન હોમ ખાતે યોજાઈ જિલ્લા નિરીક્ષણ સમિતિની ત્રિમાસિક બેઠક



કમલમ્ ન્યુઝ,આહવા

ડાંગના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી શ્રી આર.સી.ચૌહાણની અધ્યક્ષાતામા તાજેતરમા સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, આહવા ખાતે જિલ્લા નિરીક્ષણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજવામા આવી હતી. દરમિયાન અગાઉની બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લઈ સર્વ સંમતિથી તેને બહાલી આપી, જુવેનાઈલ જસ્ટીસ એકટ-૨૦૧૫ની કલમ-૫૪ મુજબ, જુવેનાઈલ જસ્ટીસ એકટ રૂલ્સના નિયમ-૪૨(૩)અને૪૨(૧૦)(I) અનુસાર સસ્થાનુ નિરીક્ષણ હાથ ધરી, તમામ સુવિધાઓ અને રજીસ્ટરોની ચકાસણી કરી, નિરીક્ષણ ફોર્મની માહિતી પણ તૈયાર કરવામા આવી હતી. સંસ્થામા રહેતા કુલ-૩૦ જેટલા અંતેવાસી બાળકોના હોસ્ટેલને, અધ્યક્ષ શ્રી આર.સી.ચૌહાણ અને સભ્યો દ્વારા બાળકોના શયનખંડ, આરોગ્ય કક્ષ, મનોરંજન કક્ષ, રસોડું, કોઠાર રૂમ, બાળકોના અભ્યાસ રૂમ, શૌચાલય, રમત-ગમતનુ મેદાન વિગેરેની જાત મુલાકાત લઈ જરૂરી સુધારાત્મક સુચનો કરવામા આવ્યા હતા.બેઠકમા પ્રાંત અધિકારી શ્રી આર.સી.ચૌહાણ સહિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીના પ્રોબેશન ઓફીસર શ્રી મહેન્દ્ર ચાવડા, બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાના શ્રી જીવલ બારીયા, માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાંત શ્રી ડો.અંકિત રાઠોડ, જિલ્લા આરોગ્ય કચેરીના શ્રી સંદિપ યાદવ, સંસ્થાના અધિક્ષક શ્રી દાનિયેલ ગામીત તથા સંસ્થાકીય સુરક્ષા અધિકારી શ્રી દિવ્યેશ વણકર ઉપસ્થિત રહ્યા હતા. સમિતીના સભ્યસચિવ તરીકે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી ચિરાગ જોષીએ જવાબદારી સંભાળી હતી.

## જામનગરમાં વેસ્ટર્ન રજીયન c.a. એસો. નો રસપ્રદ સેમીનાર યોજાયો



કમલમ્ ન્યુઝ,જામનગર
ભરત ભોગાયતા

જામનગર બ્રાન્ચ ઓફ **WIRC** ઓફ **ICAI** નાઅધ્યક્ષ સીએ પ્રતિક ચાંદ્રા ના નેજા હેઠળ સી. એ. ની શાખા દ્વારા ઓપરચુનિટી ફોર સીએ ના વિષય પર એક દિવસય સેમિનાર નું આયોજન કરવામાં આવેલ તેમાં મુંબઈ થી વેસ્ટર્ન રિજીઓનલ કાઉન્સીલ ના ભુતપૂર્વ ચેરમેન સીએ મુરતુજા કાચવાલા, દુબઈ થી સીએ સંજય મહેતા રાજકોટ થી સીએ રીષભ મહેતા પધારેલ અને અલગ અલગ વિષયો પર પોતાનું વક્તવ્ય આપેલ. આ સેમિનાર માં પેનલિસ્ટ તરીકે જામનગર ના સીએ સુભાષ બોરડીયા, સીએ પરિમલ વાધર, સીએ પ્રતિક સંઘવી અને સીએ સાગર ઝવેરી તથા મોડરેટર તરીકે સીએ પ્રતિક અગરવાલે ગ્રુપ ડિસ્કશન કરેલ.

આ કાર્યક્રમમાં ચેરમેન સીએ. પ્રતિક ચાંદ્રા, વાઈસ ચેરમેન સીએ. પ્રિતેશ મહેતા, સેક્રેટરી સીએ. હરદીપસિંહ જાડેજા, ખજાનચી સીએ. જયદીપ રાયમંગિયા, જામનગર બ્રાન્ચ ઓફ વિકાસા ના ચેરમેન સીએ. મહમદ સફી ખુરેશી, જામનગર બ્રાન્ચ ઈમિડીએટ પાસ્ટ ચેરપર્સન સીએ. દીપા ગોસ્વામી તથા સેમિનાર ના કોરડીનેટર સીએ. અંકુર દોશી અને સીએ. કૌશિક ગોસ્વામી તથા સીએ તથા સીએ ના વિદ્યાર્થીઓ હાજર રહેલ.

## તાપી જિલ્લા સોનગઢ તાલુકાના હનુમંતિયા ખાતે આવેલ હનુમંતિયા પ્રાથમિક શાળાના સ્થાપના દિવસ ની ઉજવણી




કમલમ્ ન્યુઝ,સમીર શાહ

તાપી જિલ્લા સોનગઢ તાલુકાના હનુમંતિયા ખાતે આવેલ હનુમંતિયા પ્રાથમિક શાળાના સ્થાપના દિવસ ની ઉજવણી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી સરિતાબેન વસાવાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી,જેમાં સોનગઢ તાલુકાના તાલુકા પ્રમુખશ્રી યાકુબ ભાઈ ગામીત તથા રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ તાપી જિલ્લાના અધ્યક્ષશ્રી - અર્જુનભાઈ ગામીત સોનગઢ તાલુકાના અધ્યક્ષાશ્રી - દિલીપભાઈ વસાવા, ડોલવણ તાલુકાના અધ્યક્ષશ્રી/મહામંત્રી મહેશભાઈ,ગામના સરપંચશ્રી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ , ભુતપૂર્વ શિક્ષકો , શાળા વ્યવસ્થાપન સમિતિના ચેરમેનશ્રી , સભ્યો **BRC** સોનગઢ મુકેશભાઈ ગામીત, નિવૃત્ત કર્મચારીશ્રીઓ ,જિલ્લા પંચાયત ના સભ્ય, તાલુકા પંચાયતના સભ્યો, ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા, યુવાનો, શાળાના બાળકોએ અલગ અલગ કૃતિઓ રજૂ કરી શાળા માં કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી .શાળાના આચાર્યશ્રી રૂવાજીભાઈ ડી ગામીત દ્વારા સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

## રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે જામનગરના ૧૮ પ્રબુદ્ધ નાગરિકોનું વિશિષ્ટ સેવા બદલ સન્માન કરવામાં આવ્યું



કમલમ્ ન્યુઝ,ભરત ભોગાયતા

જામનગરમાં રાજયકક્ષાના ગુજરાત સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતઅનેઉપસ્થિતમહાનુભાવોના હસ્તે જામનગર જિલ્લાના ૧૮ પ્રબુદ્ધ નાગરિકોનું વિશિષ્ટ સેવા બદલ સન્માન કરી બાંધણીની સાલ અને પ્રશસ્તિ પત્ર એનાયત કરી અભિનંદન પાઠવવામા આવ્યા હતા. જામનગરના જે ૧૮ પ્રબુદ્ધ નાગરિકોનું સન્માન કરવામાં આવ્યું તેમાં ચાર મહાનુભવોનું શિક્ષણ ક્ષેત્રે, બે વ્યક્તિઓનું આરોગ્ય ક્ષેત્રે, એક વ્યક્તિનુ સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે, બે ખેડૂતોનું બાગાયત ખેતી ક્ષેત્રે,ત્રણ વ્યક્તિઓનું સમાજ સેવ ક્ષેત્રે, બે કુમારીઓનું રમત ગમત ક્ષેત્રે, એક નગરિકનું સાહિત્ય ક્ષેત્રે, એક વ્યક્તિનું બાળ સાહિત્ય ક્ષેત્રે તેમજ એક નાગરિકનું નાટ્યક્ષેત્રે સન્માન કરવામાં આવ્યુ હતું. તે અંગે વિશેષ અહેવાલ જીલ્લા માહિતી કચેરીના સીનીયર સબ એડીટર પારૂલ કાનગડે અહેવાલ બનાવ્યો હતો શ્રી વિજયાબેન કરમશીભાઈ બોડા જેઓએ શિક્ષણ ક્ષેત્રે વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૨૦-૨૧માં જિલ્લા કક્ષાની શ્રેષ્ઠ શાળા એવોર્ડ તેમજ રાજયકક્ષાએ દ્વિતીય સ્થાન, કલા મહાકુંભ-૨૦૧૭ અને ૨૦૨૩માં પ્રાચીન ગરબા સ્પર્ધામાં રાજયમાં પ્રથમ સ્થાન મેળવી જામનગર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. શ્રી ધકુબેન બીજલભાઈ મકવાણાએ ધુવાવ ગામે આવેલ શ્રી સી. આર. મેહતા વિનયમંદિર હાઈસ્કુલ તદ્દન જર્જરિત હાલતમાં હોય દાતાઓ પાસેથી દાન એકત્રિત કરી, શાળાને રીનોવેશન કરાવી, માળખાકીય સુવિધાઓ ઉભી કરાવેલ છે. સુશ્રી મમતાબેન ધીરજલાલ જોશએ શિક્ષણ ક્ષેત્રે મે-૨૦૨૨ દરમિયાન નેશનલ લેવલની સી સ્કાઉટ ગાઈડ ટ્રેનીંગમાં ગુજરાત રાજયમાંથી એકમાત્રની પસંદગી તથા તેઓના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬માં વેઈટ લીફટીંગ સ્પર્ધામાં વિધાર્થીઓએ રાજયકક્ષાએ દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. શ્રી સંજયભાઈ કાન્તિલાલ પરમારને શિક્ષણ ક્ષેત્રે વિશેષ કામગીરી કરવા બદલ સન્માનિત કરાયા છે. તેઓએ હાઈડ્રોજન ફ્યુઅલ એન્જીનનું મોડલ લઈને આસામ ગુવાહાટી મુકામે ભાગ લીધેલ, ગણિત-વિજ્ઞાન ક્ષેત્ર વિધાર્થીઓને ઉપયોગી થાય તેવી પ્રશ્નબેંક બનાવે છે. ડો. પ્રેમકુમાર નારશીભાઈ કન્નર જેઓએ ટી.બી.ના નવા કેસોમાં ૪૦% જેટલી નોંધપાત્ર ઘટાડો લાવવામાં આરોગ્ય ક્ષેત્રે વિશેષ કામગીરી કરેલી છે, જેના કારણે જામનગર જિલ્લાને રાષ્ટ્રીય કક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત થયેલ. ડૉ.ભૂપેન્દ્ર ઈશ્વરગીરી ગોસ્વામીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં હાજરી આપી તબીબી સેવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ડો. મૌલિક શાહ જેઓ જામનગરની જીજી હોસ્પિટલમાં ડૉક્ટર છે.અને કન્ટેન્ટ ક્રીએટર પણ છે તેમણે વૈશ્વિક મહામારી – કોવિડ-૧૯ દરમ્યાન જનજાગૃતિ અર્થે ઓડિયો વિડીયો કન્ટેન્ટ બનાવી સોશ્યલ મીડિયા પર પ્રચાર કરેલ છે. શ્રી સરદારસિંહ લઘુભા જાડેજાએ ભારત સરકારના ચંદ્રયાન પ્રોજેક્ટ માટે સ્પેર્સ બનાવવા **DRDL** હૈદરાબાદમાં હેવી ડ્યુટી **CNC** મશીન સપ્લાય કરીને યોગદાન આપ્યું છે તેમજ ડીફેન્સ, રેલ્વે, કૌશલ્ય વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ, અને બ્રાસ ઉદ્યોગમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. શ્રી સુરેશભાઈ ગોપાલભાઈ ગાંગાણીએ બાગાયતી ખેતીમાં ખારી જમીનમાં બિનપિયત વિસ્તારમાં વરસાદનું પાણી સંગ્રહ કરી એપલ, બોર, ખારેક, જામફળ, આંબાના બાગાયતી પાકોનું વાવેતર કરે છે. તેમજ સરકાર માન્ય સજીવ ખેતી અંગેનુ ગોપકાનું સર્ટીફીકેટ મેળવનાર જોડિયા તાલુકાના પ્રથમ ખેડૂત છે. આ ઉપરાંત તેઓ કિશાન સંવાદ નામની યુટ્યુબ ચેનલ ચલાવે છે. શ્રી વિશાલભાઈ લવજીભાઈ જેસડિયા જેઓને વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે. તેઓ સફેદ, લાલ, અને પીળા કલરના કમલમ ફ્રૂટનું વાવેતર કરે છે તેમજ નવિન પાક તરીકે સ્ટ્રોબેરી, પીળા કલરના તરબુચ અને તાઈવાન પપૈયાનું વાવેતર કરે છે. શ્રી વિનુભાઈ ગોરધનદાસ તન્ના શ્રી બાલા હનુમાન મંદિર-જામનગર ખાતે ચાલતી અખંડ રામધૂન ગીનીશ બુક રેકોર્ડઝમા સ્થાન પામેલ છે તેમાં તેઓ સંસ્થાના મંત્રી તરીકે ત્રીસ વર્ષથી સેવા આપી રહ્યા છે. શ્રી વિક્રમસિંહ ભીખુભા ઝાલા મોક્ષ ફાઉન્ડેશનના નેજા હેઠળ બિનવારસી સહિતના તમામ વર્ગના લોકોની સમાજના રિતી રિવાજ મુજબ અંતિમવિધીની પ્રક્રિયા કરાવી સમાજ સેવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે. શ્રી રમેશભાઈ વિઠ્ઠલદાસ દત્તાણી શ્રી જલારામ સેવા ટ્રસ્ટના નેજા હેઠળ કોરોના વૈશ્વિક મહામારી દરમિયાન શહેર આસપાસના વિસ્તારોમાં ચાર લાખથી વધુ લોકોને ભોજન પહોંચાડેલ અને તોકતે વાવાઝોડા દરમિયાન જામનગર આસપાસના વિસ્તારોમાં ફ્રી ભોજન પહોંચાડી તેમજ તા.૯-૧૧-૨૦૧૩થી તેઓ સતતપણે નિરાધાર લોકોના ઘરે બંને સમય ફ્રી ભોજન પહોંચાડી માનવસેવાની ઉત્તમ કામગીરી કરેલ છે. સુશ્રી પ્રીતિકા વસાવાએ ઓગસ્ટ-૨૦૨૨ દરમિયાન વિયેતનામ ખાતે આયોજિત ૪ર એશિયન ટેકવાન્ડો ચેમ્પિયનશિપ માં તથા જાપાન ખાતે ભાગ લઈ રમતગમત ક્ષેત્રે જમંગરનું નામ રોશન કર્યુ છે. સુશ્રી આદિતી દડીવાલાએ ઓગસ્ટ-૨૦૨૨ દરમિયાન વિયતનામ ખાતે આયોજિત ૪ર એશિયન ટેકવાન્ડો ચેમ્પિયનશિપમાં ભાગ લઈ રમતગમત ક્ષેત્રે આગવી સિદ્ધિ મેળવી છે. શ્રી સતીશચંદ્ર લાભશંકર વ્યાસે કાવ્ય સંદર્ભિત ત્રણ પુસ્તક પ્રસિદ્ધ થયા છે. બંગાળના વિશિષ્ઠ એવા ૬૦૦ જેટલા "આગમની ગાન" નો ગુજરાતી સમગાની અનુવાદ કરેલ છે.તેમના રવીન્દ્રનાથના કલાવૈભવ ગ્રંથને વોશિંગ્ટન ,અમેરિકાની લાયબ્રેરી ઓફ કોંગ્રેસમાં સ્થાન મળ્યું છે. કલા પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા 'સાહિત્યરત એવોર્ડથી સન્માનિત કરાયા છે તેમજ તાજેતરમાં ચિત્રલેખા મેગેઝીન દ્વારા તેઓ "મળવા જેવા ૫૧ માણસો" (વર્ષ ૨૦૨૩) તરીકે ઘોષિત થયા છે. શ્રી કિરીટભાઈ જે. ગોસ્વામીએ પાંચ ગઝલસંગ્રહો, ૩૦ જેટલા બાળસાહિત્યના પુસ્તકો પ્રકાશિત થયા છે. ૧૫ પુસ્તકો પુરસ્કૃત તેમજ બાળસાહિત્યનો રાષ્ટ્રીય પુરસ્કાર-૨૦૨૨ તેમજ સાહિત્ય પરિષદ અને સાહિત્ય અકાદમીના પારિતોષિક મેળવેલ છે. ગુજરાત અનેમહારાષ્ટ્રરાજ્યનીપાઠ્યપુસ્તકોમાં તેમના કાવ્યોનો સમાવેશ કરાયો છે. સમણું ' સામયિકમાં સહ સંપાદક તેમજ સામયિકોમાં નિયમિત લેખન કરે છે. તેમજ પાઠ્યપુસ્તક મંડળમાં કામગીરી કરી બાળ સાહિત્ય ક્ષેત્રે વિશેષ કામગીરીકરી રહ્યા છે. વિરલભાઈ રાચ્છ વર્ષ ૨૦૨૨થી "વીરાજલી" નામના પ્રખ્યાત મેગા મ્યુઝીકલ મલ્ટીમીડિયા શો ના દિગ્દર્શક ઉપરાંત "થીયેટર પીપલ" બેનર હેઠળ ગુજરાતી ભાષાના ૭૦થી વધુ નાટકોમાં અભિનેતા અને દિગ્દર્શક કરી નાટ્યક્ષેત્રે જામનગરનું ગૌરવ વધાર્યું છે. તેમ સમગ્ર વિશેષ અહેવાલ બનાવતા માહિતી કચેરીના સીનીયર સબ એડીટર પારૂલ કાનગડે જણાવ્યુ હતુ

